**GJAH220000052023**

રજુ તારીખ: ૦૧-૦૧-૨૦૨૩
રજી. તારીખ:૦૧-૦૧-૨૦૨૩
નિકાલ તારીખ:૦૩-૦૧-૨૦૨૫
સમય અવધિ: વર્ષ-માસ-દિવસ
૦૨-૦૦-૦૨

**અમદાવાદના મહે. બીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ, અમદાવાદ.**

ફોજદારી કેસ નં.૩/૨૦૨૩
આંક-૧૩.

શ્રી સરકાર
(મુસેફ ઈકબાલભાઈ કુરેશી , ઉવ.પુખ્ત.) ... **ફરીયાદી**

**:: વિરૂધ્ધ ::**

(૧) હમઝા સ/ઓ ફારુકભાઈ કુરેશી, ઉવ.પુખ્ત.
રહે: મકાન નં. ૧૧૦, ચિરાગ પાર્ક અયુબ મસ્જીદની પાસે,
વાજીદભાઈ રંગરેજના ભાડાના મકાનમાં, દાણીલીમડા,
અમદાવાદ શહેર. ... **આરોપી**

**ગુનો** **ઈ.પી.કોડ. કલમ: ૩૨૪, ૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબ.**

---

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. એન. જી. શાહ.
આરોપી તરફે વિ.વ.શ્રી. એમ.એમ.શેખ.

---

**-:ચુકાદો:-**

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૬/૧૧/૨૦૨૨ ના રોજ સવારના બારેક વાગ્યાની આસપાસ ફરીયાદી તથા કબાડી ખાતે કામ કરતા બીજા મજુરો સાથે ઉભા હતા તે વખતે ફરીયાદીની બાજુની કબાડી માર્કેટ ખાતે કામ કરતા આરોપી હમઝા નાઓ પણ ત્યાં ઉભો હતો

અને ફરીયાદીને દરરોજ આવી રીતે તેઓનું કામ પતાવીને બધા મિત્રો ભેગા ઉભા રહેતા હોઇ અને બારેક વાગ્યાની આસપાસ ફરીયાદી તથા બીજા મિત્રો અને આરોપી સાથે કબાડી માર્કેટ ખાતે તે દરમ્યાન કહેતા આરોપીએ ફરીયાદીને જણાવવા લાગેલ કે તુ શા માટે તેમની સાથે બોલાચાલી કરેલ તેમ કહી ગંદી બીભત્સ ગાળો બોલી, તેની પાસેની છરી તેના પેન્ટમાથી કાઢી, અને છરી વડે ડાબા હાથના ખભાના ભાગે તથા ડાબા હાથે કાંડાથી ઉપરના ભાગે તથા ડાબા પગે ઢીંચણથી નીચેના ભાગે તથા ડાબા પગના સાથળના પાછળના ભાગે એક – એક ઘા મારી ફરીયાદીને ઈજા પહોચાડેલ, આ બનાવ અંગેની જાહેરાત પોલીસ સ્ટેશનમાં કરવામાં આવતા ઈસનપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુના રજીસ્ટર. નં.૧૧૧૯૧૦૨૨૨૨૧૧૨૫/૨૦૨૨ થી ગુનો દાખલ થયેલ.

૨) તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ પુર્ણ કરી, તહોમતદાર વિરુધ્ધ ઈ.પી.કોડ. કલમ: ૩૨૪, ૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબનો ગુન્હો આચર્યા સબંધેનુ ચાર્જશીટ દાખલ કરેલ, જે ચાર્જશીટ ફોજદારી કેસ નં. ૦૩/૨૦૨૩ થી અદાલતના રજીસ્ટરે દાખલ થયેલ છે. સદર કેસની આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવાવ માટે આ અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.

૩) તહોમતદારોને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા તહોમતદાર તેમના વિ.વ.શ્રી સાથે અદાલત સમક્ષ ઉપસ્થીત થયેલ અને તહોમતદારને સી.આર.પી.સી.ની કલમ: ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો સુપ્રત કર્યાની ખાત્રી કરવામાં આવેલ છે. જે તે સમયના વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ તહોમતદાર સામે આંક–૩ થી તહોમતનામુ ફરમાવી આંક–૪ મુજબ નિવેદન નોંધવામા આવેલ છે, જે નિવેદનમા તહોમતદારે તેમની વિરુધ્ધના તહોમતનો ઈન્કાર કરેલ છે.

૪) ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના સાહેદોનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|

| | | |
|---|---|---|
| (૧) | ૮ | ફરીયાદી મોહંમદ સૈફ ઇકબાલભાઇ કુરેશીની જુબાની |

**દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત. |
|---|---|---|
| (૧) | ૯ | ફરીયાદીની ફરીયાદ. |
| (૨) | ૯એઅને ૯બી | ગુનાવાળી જગ્યા અંગેનું પંચનામુ, મુદામાલ રીકવરી પંચનામુ. |

૫) આ કામે મહત્વના સાહેદ તપાસાઇ ગયેલ છે અને પુરાવા અધિનિયમની કલમ:૧૩૪ મુજબ કોઇ હકીકતની સાબીતી માટે સાક્ષીઓની અમુક જ સંખ્યા કોઇ કેસ મા આવશ્યક ગણાશે નહી જે અન્વયે ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા અંગે પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ, ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા આરોપીનુ ક્રિમી. પ્રોસીઝર કોડ ની કલમ:૩૧૩ અન્વયે વિશેષમા નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય નોંધવામા આવેલ નથી. ત્યારબાદ, બંને પક્ષકારોના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

૬) આ ફોજદારી કેસને નિર્ણિત કરવા માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે :-

**<u>-: મુદા :-</u>**

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું પુરવાર કરી શકેલ છે કે, આ કામના આરોપીઓએ બનાવ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદી તથા કબાડી ખાતે કામ કરતા બીજા મજુરો સાથે ઉભા હતા તે વખતે ફરીયાદીની બાજુની કબાડી માર્કેટ ખાતે કામ કરતા આરોપી હમઝા નાઓ પણ ત્યાં ઉભો હતો અને ફરીયાદીને દરરોજ આવી રીતે તેઓનું કામ પતાવીને બધા મિત્રો ભેગા ઉભા રહેતા હોઇ અને બારેક વાગ્યાની આસપાસ ફરીયાદી તથા બીજા મિત્રો અને આરોપી સાથે કબાડી માર્કેટ ખાતે તે દરમ્યાન કહેતા આરોપીએ ફરીયાદીને જણાવવા લાગેલ કે તુ શા માટે તેમની સાથે બોલાચાલી કરેલ તેમ કહી ગંદી બીભત્સ ગાળો બોલી, તેની પાસેની છરી

તેના પેન્ટમાથી કાઢી, અને છરી વડે ડાબા હાથના ખભાના ભાગે તથા ડાબા હાથે કાંડાથી ઉપરના ભાગે તથા ડાબા પગે ઢીંચણથી નીચેના ભાગે તથા ડાબા પગના સાથળના પાછળના ભાગે એક – એક ઘા મારી ફરીયાદીને ઈજા પહોચાડી, ઇ. પી. કોડ કલમ : ૩૨૪, ૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબનો ગુનો આચરેલ છે?

૨. શું હુ ક મ ?

૭) **ઉપરોકત મુદા અન્વયેના તારણો નીચે મુજબ છે:–**

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ.

**<u>–– ન્યાય નિર્ણય માટેનાં કારણો ––</u>**

**<u>મુદા નં.૧</u>**

૮) ભારતીય પુરાવા અધિનીયમની કલમ:૧૦૧ મુજબ ફોજદારી કેસમાં આરોપી સામે આક્ષેપિત ગુનાનું તહોમત વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો પ્રાથમીક બોજો ફરીયાદપક્ષના શીરે રહેલ છે. ફોજદારી કાર્યવાહીમાં ન્યાયી નીર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવું ખાસ જરુરી છે કે, ફરીયાદપક્ષે કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો રહે છે.

૯) ઉપરોકત સિધ્ધાંતને લક્ષ્ય પર રાખી હાથ પરના કિસ્સામા રજુ કરવામાં આવેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષ ધ્વારા ફરીયાદી મોહંમદ સૈફ ઇકબાલભાઇ કુરેશી ને આંક–૮ થી તપાસવામા આવેલ છે. ફરીયાદીએ પુરાવો આપેલ છે કે, બનાવ આશરે બે એક વર્ષ પહેલા બનેલ, બનાવ પહેલા બપોરના સમયે તેઓ કબાડી માર્કેટ ખાતે આરોપી સાથે ઉભેલ હતા તે દરમીયાન આરોપી તેમની સાથે મજાક મસ્તી કરવા લાગેલ, જે અંગે ના પાડતા તેઓને અંદરો અંદર સામાન્ય બોલાચાલી થયેલી, ત્યારબાદ, તેઓ શાહઆલમ ખાતે બોલાવતા ત્યા જતા આરોપી સાથે તેમને બોલાચાલી થયેલ આ બોલાચાલી વખતે આજુબાજના ઘણા બધા લોકો ભેગા થઇ ગયેલ અને તેમને પડી જવાથી તીક્ષ્ણ વસ્તુ ડાબા પગના સાથળના ભાગે વાગેલ, બનાવ બાદ તેઓએ એલ.જી. હોસ્પીટલ સારવાર

લીધેલી, બનાવ બાદ બનાવ અંગેની ફરીયાદ પોલીસ સ્ટેશનમા આપેલી, તેમને કોર્ટ રેકર્ડમાથી ફરીયાદની નકલ બતાવતા જેમા તેમની સહી ઓળખી બતાવે છે. જે ફરીયાદ બચાવપક્ષની સમંતીથી આંક-૯ થી રજુ છે. આમ, ફરીયાદીએ તેમની સોગંદ ઉપરની સરતપાસમા ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. ત્યારબાદ, બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા ફરીયાદી સાહેદ જણાવે છે કે, આરોપી સાથે તેમને કોર્ટ બહાર ખાનગી રાહે સમાધાન થઇ ગયેલ છે, બનાવમા આ કામના આરોપીએ તેમને શરીરે કોઇ છરી મારેલ હોય તેવુ બનેલ નથી. તેમજ સારવા દરમીયાન ડોકટરને કોઇ હીસ્ટ્રી લખાવેલ નથી. પોલીસે ફકત તેમનુ નામ સરનામુ પુછેલ તે સિવાય ફરીયાદમા લખેલ વિગતોથી તેઓ માહીતગાર નથી, આ કેસ તેમને આગળ ચલાવવો નથી.

૧૦) આ કામે રજુ કરવામા આવેલ ઉપરોકત પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને ફરીયાદી સાહેદે જણાવેલ છે કે, બનાવમા સામાન્ય બોલાચાલી થયેલ, હથિયાર વડે ઈજા પહોચાડી બીભ્ત્સ ગાળો બોલેલ હોય તેવુ બનેલ નથી. આમ, આ ફરીયાદી સાહેદ ફરીયાદપક્ષના મહત્વના સાહેદ છે કારણ કે, આ ફરીયાદી સાહેદ જાતે ભોગ બનનાર સાહેદ છે અને મહત્વના સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને જેથી ફરીયાદપક્ષના કેસનુ વજુદ જ ટકી શકતુ નથી. તેમજ ફરીયાદપક્ષ ધ્વારા આંક-૯ થી ફરીયાદ રજુ કરવામા આવેલ છે. પરંતુ, જયારે ફરીયાદીએ જ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેવા સંજોગોમા ફરીયાદ ની હકીકત પુરવાર થઇ શકતી નથી. આમ, રજુ થયેલ ફરીયાદ આંક-૯ થી ફરીયાદપક્ષને તહોમતદાર વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવામાં કોઈ મદદ મળી શકતી નથી.

૧૧) ફરીયાદપક્ષ ધ્વારા આંક-૯એ અને ૯બી થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, મુદામાલ રીકવરી પંચનામુ રજુ થયેલ છે. પરંતુ, આ કામે ફરીયાદી સાહેદે આપેલ પુરાવા મુજબ બનાવમા સામાન્ય બોલાચાલી થયેલ, આરોપીએ હથિયાર વડે ઈજા કરેલ હોય કે બીભત્સ ગાળો બોલેલ હોય તેવુ બનેલ નથી. અને તેઓને આ કામના આરોપી સાથે સમાધાન થઇ ગયેલ હોવાનુ પુરસીસ થી જણાવેલ છે અને

આ કામના આરોપીએ તેમને હથિયાર વડે ઈજા કરેલ હોય તેવુ બનેલ નથી. જે રજુ પુરાવા ધ્યાને લેતા આ કામે રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજોથી તહોમતદારની વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવામા કોઈ જ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

૧૨) આમ, ફરીયાદી અને સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ આંક–૧૦ થી ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાની જાહેરાત કરેલ છે અને તે રીતે અદાલતના રેકર્ડ પર જે પુરાવો આપેલ છે તેનાથી ફરીયાદપક્ષ તહોમતદાર વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારાત્મક ઠરાવવામા આવે છે અને મુદ્દા નં.૨ નો જવાબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામા આવે છે.

**– હુ ક મ –**

૧. આ કામનાં આરોપી નં.૧ હમઝા સન/ઓફ ફારુકભાઈ કુરેશી, ઉ.વ.પુખ્ત. નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ: ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોડ. કલમ: ૩૨૪, ૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ હથિયાર નો અપીલ સમય બાદ ધોરણસર નાશ કરવા હુકમ કરવામા આવે છે.

૩. વધુમા તહોમતદારોને સી.આર.પી.સી. કલમ : ૪૩૭(એ) મુજબ આદેશ કરવામા આવે છે કે, આ કામના દરેક તહોમતદારે અપીલ અદાલતમા હાજર રહેવા માટે છ માસના સમય મર્યાદાના રૂ.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા)ના સધ્ધર સ્થાનિક જામીન તથા તેટલીજ રકમના જાતમુચરકા અત્રેની અદાલતમા લખી આપવા.

સદરહું હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩–૦૧–૨૦૨૫.
અમદાવાદ.

**(ડી. એચ. ખંભાતી)**
બીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર
કોડ: જીજે–૦૦૮૬૬